# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ
તા.૨૬/૧૨/૨૦૧૬

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા ૦૭/૧૦/૨૦૧૫

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા ૦૫/૦૪/૨૦૧૬

(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા ૦૪/૦૬/૨૦૧૬

ઠરાવ:-

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય મળી રહે તે માટે વંચાણે લીધેલ ઠરાવથી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરીયાતમંદ યોગ્યતાપ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી '**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**' અમલમાં મુકવામાં આવેલ છે.

ભારતીય સેનામાં અથવા અન્ય અર્ધ લશ્કરી દળોમાં ફરજ બજાવતા શહીદ જવાનોનાં સંતાનો માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત લાભ આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ડીપ્લોમા / સ્નાતક અભ્યાસક્રમોમાં, માન્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને પ્રવેશ મેળવનાર શહીદ જવાનોના સંતાનોને પણ આ યોજનાના લાભ મળે તે માટે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. આથી વંચાણે લીધેલ શિક્ષણ વિભાગના તા. ૦૭/૧૦/૨૦૧૫ ના યોજનાના ઠરાવમાં નીચેની જોગવાઈ દાખલ કરવામાં આવે છે.

યોજનાના નિયમ ૨.૩ ઉચ્ચ શિક્ષણ સહાય માટે સહાય મેળવવાની પાત્રતાના ધોરણોના પેટા નિયમ ૨.૩.૧ માં નીચે મુજબ ફકરા (૭) ઉમેરવામાં આવે છે.

(૭) "ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ, આતંકવાદ, નક્સલવાદ જેવા કારણોસર ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના ફરજો દરમ્યાન શહીદ થયેલ

જવાનોના સંતાનોને પરસેન્ટાઇલ/ પરસન્ટેજ કે આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય આ યોજના અંતર્ગત ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમ માટે સહાય મળવાપાત્ર થશે. આ માટે નિયામકશ્રી, સૈનિક વેલ્ફેર બોર્ડનું /સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે."

આનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૨૦૧૭ થી કરવાનો રહેશે. અન્ય સંબંધિત બાબતોની જોગવાઈઓ શિક્ષણ વિભાગના તા ૦૭/૧૦/૨૦૧૫ , તા ૦૫/૦૪/૨૦૧૬ તથા તા ૦૪/૦૬/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૪ /યુઓઆર-૬/સ  મુજબની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીનીતા. ૧૯/૧૨/૨૦૧૬ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરિષ કે. પ્રજાપતિ)
નાયબ સચિવ (ટે.શિ.)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં  વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય  વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.